PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/કવા–૦૩/૧૮–૧૯/ 1137 - 2 તા. 02-11-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અતુલભાઇ જી વાનાણી,
ટી. એફ–૩૦૧, માધવ રેસીડેન્સી- અ
અલયવાટીકા પાછળ , તપોવન સ્કુલ ની પાછળ.
૧૫૦ ફુટ રીંગ રોડ,
સુખ સાગર સામે, રાજકોટ,
મો: ૯૬૨૪૨૯૨૯૦૫
Pin - 360003.

વિષય :–નામ બદલી બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૧૦–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૭/કવા–૦૩/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૭/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૩૦–૧૦–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: અતુલભાઇ જી વાનાણી, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

---

**: હુકમ :**

**ફરીયાદ : નામ બદલી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશના જોડાણવાળા ફ્લેટમાં આવેલ છે પોતાના ફ્લેટના લાઈટબીલમાં નામબદલી કરાવેલ જે ફ્લેટ ના લાઈટ બિલ મા પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ છે પરંતુ તેઓની માગણી મુજબનું નામબદલી કરવામાં આવેલ નથી , આમ–અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર અતુલભાઇ જી વાનાણી દ્વારા વાવડી અર્બન પેટા વિભાગીય કચેરી ખાતે નામબદલી બાબતે રજૂઆત કરેલ છે. સદર બાબતના અનુસંધાને નાયબ ઈજનેર વાવડી અર્બન પેટા વિભાગીય કચેરી દ્વારા તેઓના લેખીત પત્ર ના.ઈ/વા.અ.પે.વિ./રેવ/૯૪૮૯ તા.૨૫.૧૦.૨૦૧૮ થી મારફત જણાવાયેલ છે કે – વીજકનેકશન નં-૩૪૫૦૮૧૨૯૮૨૦ અતુલભાઈ જી.વાનાણી દ્વારા નામ બદલી માટે વાવડી સબ ડીવીઝન માં તા.૦૩.૦૫.૧૮ ના રોજ રજીસ્ટ્રેશન કરાવી નામ ટ્રાન્સફર માટે અરજી આપેલ જેના કવોટેશન ના નાણા પણ તા.૧૬.૦૫.૧૮ ના રોજ ભરપાઈ કરી આપેલ હતા પરંતુ અરજી સાથે જોડેલ વીજબીલ ની નકલ માં અન્ય કનેક્શન નં-૩૪૫૦૮૧૨૯૭૯૦ નું બીલ રજુ કરેલ હોય જેથી સમગ્ર નામ બદલી ની પ્રકિયા તેઓના ફ્લેટના કનેક્શન ના બદલે કોમન જનરલ મીટર ના કનેક્શન માં કરવામાં આવેલ હતી આમ, નામ બદલી ની અરજી સમયે અરજદારની શરતચૂક થી અન્ય કનેકશનનું વીજ બીલ જોડતા ખરેખર તેમના ફ્લેટ માં નામ બદલી થયેલ નથી જે બાબત ધ્યાને આવતા અરજદાર દ્વારા વાવડી સબ ડીવીઝન માં રજૂઆત કરેલ જેના આધારે રેકર્ડ ચકાસતા હકીકતે ખોટું નામ બદલી થયેલ હોવાનું જણાયેલ જેથી સદર સુધારણા માટે ગ્રાહકશ્રી ને નવેસર થી તેમના ફ્લેટમાં નામ બદલી માટે પ્રકિયા હાથ ધરવા પત્ર નં-૭૮૭૧ તા.૧૫.૦૯.૧૮ થી સબડીવીઝન દ્વારા જાણ કરવામાં આવેલ. ઉપરાંત ગ્રાહક શ્રી અતુલભાઈ ના પ્રતિનિધિ સંજયભાઈ ને રૂબરૂ વાવડી સબડીવીઝન માં સમગ્ર હકીકત થી વાકેફ કરી નવેસરથી નામ બદલી ની અરજી કરવા જણાવેલ જેથી ગ્રાહકશ્રી ને સંતોષ થતા સમાધાન પુરશીસમાં સહી કરેલ છે,આમ, ગ્રાહક ની ફરિયાદનો સુખદ અંત આવેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા. ૨૪–૧૦–૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(એન.ડી.ધામેલીયા)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.